|| શ્રી મહાવીરાય નમઃ ||　　|| શ્રી વીતરાગાય નમઃ ||　　|| નમો નાણસ્સ ||

Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai

*Conducted*

MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI

**૧૨ જાન્યુઆરી ૨૦૨૦**　　**શ્રેણી – ૧૮**　　**કુલ ગુણ:૧૦૦**

**સમય: સવારે ૯ થી ૧૨**　　**મહિલા મંડળ**

**પ્રશ્ન:૧ સામાયિક-પ્રતિક્રમણના આધારે...** **[૧૫]**

**(અ) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૫)**

(૧) યથાશક્તિ પ્રમાણે　(૨) હણવાની બુદ્ધિએ　(3) રજોહરણ

(૪) મર્દન કરવા યોગ્ય તેલની જાત　(૫) કલ્પે નહિ

**(બ) નીચેના પ્રશ્નના ઉત્તર આપો.** **(૬)**

(૧) છઠ્ઠા અને દસમા વ્રતમાં શું ફરક છે? (૨×3)

(૨) સચેતના ત્યાગથી શું લાભ થાય છે?

(3) પૌષધવ્રત એટલે શું? કેટલી કોટિથી ગ્રહણ કરવામાં આવે છે?

**(ક) નીચેનામાં કયા અતિચાર લાગે?** **(૪)**

(૧) ગણપતિની સ્તુતિ કરી હોય.　(૨) એપ્રિલફૂલ બનાવ્યા હોય.

(3) નાની બાળકીના કાન વિંધાવ્યા હોય.　(૪) હાથીદાંતનો વ્યાપાર કર્યો હોય.

**પ્રશ્ન:૨ આચારાંગ સૂત્રના આધારે...** **[૫]**

(૧) ભગવાને લાઢ દેશમાં કેવા પરિષહ સહન કર્યા હતા? (૨×૨)

(૨) ભગવાન કેવી રીતે ધર્મધ્યાન અને લોકના સ્વરૂપનું ચિંતન કરતા હતા?

(3) શરીર નિર્વાહ માટે ભગવાન કેવો આહાર કરતા હતા? (૧)

**પ્રશ્ન:3 ઠાણાંગ સૂત્રના આધારે...** **[૧૦]**

(૧) શૈક્ષભૂમિ એટલે શું? તે કેટલી અને કઈ કઈ છે? (૨×૫)

(૨) સંસ્થાન કેટલા છે? વૃત્ત સંસ્થાન એટલે શું?

(3) જીવે વિશુદ્ધ ચારિત્રનું પાલન શા માટે ન કર્યું?

(૪) અલ્પ આયુષ્ય કેમ બંધાય છે?

(૫) વિશ્રસા પરિણત પુદગલ એટલે શું?

**પ્રશ્ન:૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે...** **[૧૦]**

(૧) ભદ્રાના પુત્રનું નામ દેવદત્ત કેમ રાખવામાં આવ્યું? (૨×૫)

(૨) આહાર શા માટે કરવો જોઈએ? આહારમાં મુગ્ધ થાય તેને શું નુકસાન થાય છે?

(3) ધન્ય સાર્થવાહે કેટલા વર્ષ સંયમનું પાલન કર્યું? કેટલા ભક્ત ભોજનનો ત્યાગ કર્યો? ક્યાં ઉત્પન્ન થયા? ત્યાં સ્થિતિ કેટલી?

(૪) સુબુદ્ધિ પ્રધાને જીતશત્રુ રાજાને જિનવાણીની કઈ વાત સમજાવી?

(૫) ખાઈના પાણી (પુદગલ) વિશે સાંભળીને જીતશત્રુ રાજાએ પ્રધાનને શું કહ્યું?

**પ્રશ્નઃ૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે... [૧૦]**

**(૧) કોણ કોને કહે છે? (૩)**

(૧) તું અકાળે જ મરણ પામીશ. (૧×૩)
(૨) પૌષધ પારવો મારા માટે યોગ્ય છે.
(૩) મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે.

**(૨) ખાલી જગ્યા પૂરો. (૩)**

(૧) હાથીના ............... અંગ ........... સ્પર્શતા હતા.
(૨) કામદેવ શ્રાવક પાસે ........... ગાયોના ........... વજ્ર હતા.
(૩) સાપરૂપી દેવ ........... ભઠ્ઠી જેવો, ........... શબ્દો કરી રહ્યો હતો.

**(૩) નીચેના પ્રશ્નના ઉત્તર આપો. (૪)**

(૧) કામદેવ શ્રાવક ન ડગ્યા તો સાપરૂપધારી દેવે શું કર્યું? (૨×૨)
(૨) કામદેવ શ્રાવકે કયા તપ દ્વારા આત્માને ભાવિત કર્યો?

**(બ) અંતગડ સૂત્રના આધારે... [૫]**

(૧) અનીકસેન કુમાર કયા વર્ગનું કેટલામું અધ્યયન છે? (૧×૫)
(૨) અનીકસેન કુમારના માતા-પિતાનું નામ શું હતું?
(૩) ભગવાન અરિષ્ટનેમિ કયા નગરના કયા ઉદ્યાનમાં પધાર્યા?
(૪) અનીકસેન કુમારને ભણવા ક્યારે મોકલ્યા? તેમના લગ્ન કેટલી કન્યાઓ સાથે થયા?
(૫) દીક્ષા લઈને અનીકસેન અણગારે કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું? તેઓ કઈ ગતિમાં ગયા?

**પ્રશ્નઃ૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે... [૫]**

(૧) ધન્ના અણગારના પગની આંગળીઓ કેવી થઈ ગઈ હતી? (૨.૫×૨)
(૨) ભગવાને કોના તપની પ્રશંસા કરી? શ્રેણિક રાજાએ ધન્ના અણગારને શું કહ્યું?

**પ્રશ્નઃ૭ દશવૈકાલિક સૂત્રના આધારે... [૧૫]**

(૧) કઈ વનસ્પતિ પર ચાલવું ન જોઈએ? મૂળપાઠ અર્થ સાથે લખો. (૫)
(૨) પાઠપૂર્તિ કરો. (૪)
(૧) અગ્ગબીયા .................. સત્થ પરિણએણં. (૨) અસણં ............... જાવજ્જીવાએ.
(૩) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)
(૧) આયાવંતં (૨) વિન્નાયા (૩) એગંતં
(૪) નીચેના શબ્દોનું માગધી લખો. (૩)
(૧) ઓલવનાર (૨) વનમાં (૩) બીજ પર્વમાં હોય

**પ્રશ્નઃ૮ ભગવતી સૂત્રના આધારે... [૧૦]**

(૧) સંસાર સંસ્થાન કાળ કયા સૂત્રનો અધિકાર છે? તે કાલિક છે કે ઉત્કાલિક? તે અંગ છે કે ઉપાંગ? કેટલામું? (૨)
(૨) નારકીનોસંસાર સંસ્થાનકાળકેટલાપ્રકારનોછે? તેનોઅલ્પબહુત્વ લખો. શૂન્યકાળ એટલે શું? (૪)
(૩) મોક્ષમાં શા માટે ચારિત્રનું પ્રયોજન નથી? દેવલોકમાં કયું ચારિત્ર હોય? શા માટે? (૨×૨)
(૪) સૌથી વધુ અને સૌથી ઓછો સંસાર સંસ્થાન કાળ કોનો છે?

**પ્રશ્ન:૯ પ્રજ્ઞાપના સૂત્રના આધારે...** **[૧૦]**

(૧) નીચેના બોલમાં એક સમયમાં ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય? (૩)

(૧) હેમવયમાંથી (૨) બારમા દેવલોકમાંથી નીકળેલા (૩) અપ્રતિપાતી

(૪) સ્ત્રીલિંગમાંથી (૫) જ. ૩ સમય સુધી નિરંતર સિદ્ધ થાય તો (૬) પાંચ ચારિત્રને સ્પર્શીને

(૨) ચારિત્ર દ્વાર લખો. (૩ )

(૩) ૨૫૬ રાશિના ઢગલામાં છઠ્ઠો બોલ કયો છે? તે લખો અને તેનો અલ્પબહુત્વ લખો. (૨×૨)

(૪) ૨૫૬ રાશિના ઢગલામાં ૫ થી ૮ બોલનો અલ્પબહુત્વ લખો.

**પ્રશ્ન:૧૦ આગમ પરિચય અવલોકનના આધારે...** **[૫]**

(૧) ૧૪ મા તથા ૧૦ મા બોલની સૂત્ર સંખ્યા અને વિગત લખો. (૨×૨)

(૨) રાયપસેણીય સૂત્રમાં કેટલા અધિકાર છે? કયા કયા?

(૩) સમવાય સૂત્ર દ્વાદશાંગીનું કેટલામું અંગ છે? તેમાં શેનું વર્ણન છે? (૧)

**|| જય જિનેન્દ્ર ||**